# સેનેટાઈઝરવાળા હાથથી દીવડાઓ અને ફટાકડા ફોડવા જોખમી

ગાંધીનગર, તા. ૧૨

દિવાળી સાવ નજીક આવી ગઈ છે. કોરોનાનો સમયગાળો ચાલી રહ્યો છે ત્યારે આપણને વારંવાર સેનેટાઈઝરનો ઉપયોગ કરવાની ટેવ પડી શકે છે પરંતુ સેનેટાઈઝરવાળા હાથથી દીવડાઓ પ્રગટાવવા અને ફટાકડા ફોડવા જોખમી બની શકે છે. આ મામલે સાવચેતી રાખવી જરૂરી છે.

કોરોનાનો કપરોકાળ ચાલી રહ્યો છે. આ સમયગાળામાં જ તમામ તહેવારોની ઉજવણી સાવચેતી સાથે થઈ રહી છે. દિવાળી નજીક આવી રહી છે ત્યારે માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગ સાથે અન્ય પ્રકારની સાવચેતી રાખવાની જરૂરીયાત પણ ઉભી થઈ છે. કોરોનાથી બચવા માટે હાથને વારંવાર સેનેટાઈઝ કરવાની સલાહ આપવામાં આવે છે. પરંતુ આ જ સેનેટાઈઝર અકસ્માતનુ કારણ બની શકે છે.

સેનેટાઈઝર બનાવવા માટે જ્વલનશીલ પ્રવાહીનો ઉપયોગ થાય છે. સેનેટાઈઝ કરેલા હાથથી જો દીવડાઓ પ્રગટાવવામાં આવે અને ફટાકડા ફોડવામાં આવે તો





આગ લાગવાના બનાવો કે દાઝી જવાના બનાવો બની શકે છે. ફટાકડા ફોડતા સમયે કે દીવા પ્રગટાવતા સમયે સેનેટાઈઝરવાળા હાથ ધોઈ નાંખવા જોઈએ. આસપાસ ક્યાંય સેનેટાઈઝરની બોટલ ન હોય તેનુ પણ ધ્યાન રાખવુ જરૂરી છે. સેનેટાઈઝરનો ઉપયોગ વ્યાપક બન્યો છે ત્યારે તેલ કે ઘીના એકાદ-બે દીવાઓ પ્રતિકાત્મક રીતે પ્રગટાવી ઈલેક્ટ્રીક સીરીઝથી રોશની કરી શકાય છે. બાળકો જ્યારે ફટાકડા ફોડતા હોય ત્યારે તેમની સાથે કોઈ વડીલ હાજર રહે તે અત્યંત જરૂરી છે. આપણે આ દિવાળી ઉજવવાની જ છે પરંતુ કોઈ અકસ્માત ન થાય તેનુ ધ્યાન પણ રાખવુ અત્યંત જરૂરી છે.

# મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમ ખાતે સંસદસભ્ય હસમુખભાઈ પટેલનો જન્મદિવસ વડીલો સાથે ઉજવાયો




ચિલોડા, તા.૧૨

અમદાવાદ પૂર્વના લોકલાડીલા સાંસદસભ્યશ્રી હસમુખભાઈ પટેલ તેમના પરિવારજનો સાથે તેમના જન્મદિવસની ઉજવણી કરવા 'રાહેલબા વૃધ્ધાશ્રમ' મગોડી ગામે વૃધ્ધ વડીલોને ભોજન કરાવી-ગરમ ધાબળાનું વિતરણ કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડેલ છે. આ પ્રસંગે માનનીય ધારાસભ્ય શંભુજી ઠાકોર, ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ દહેગામ, રમેશભાઈ બી. પટેલ-પૂર્વ પ્રમુખ ગાંધીનગર જિલ્લા ભાજપ તેમજ સંસ્થાના સંચાલક નિર્મળાબેન તથા ભાજપના કાર્યકર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વૃધ્ધ વડીલોએ હર્ષોલ્લાસ સાથે સાંસદ હસમુખભાઈ સાહેબનો જન્મદિવસ નિમિત્તે આર્શીવાદ સાથે શુભકામના પાઠવી હતી.

# શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં વર્ચ્યુઅલ ટ્રીનો શુભારંભ થયો

ગાંધીનગર, તા. ૧૨

કોરોના મહામારી ના સમયમાં વિદ્યાર્થીઓનું શિક્ષણ અને ભવિષ્યને ખૂબ ઊંડી અસર પડી છે. આ સમયમાં વિદ્યાર્થીઓ પોતાનું શિક્ષણ પોતાની પસંદ અનુસાર મેળવી શકે તે માટે શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક દ્વારા વર્ચ્યુઅલ ટ્રી ની શરૂઆત કરવામાં આવી હતી. આજે તારીખ ૧૨/૧૧/૨૦૨૦ ને ગુરુવારના રોજ સ્વામિનારાયણ પોલિટેકનિકમાં સંસ્થાના ડાયરેક્ટર શ્રી ધર્મેશ વંડરા દ્વારા વર્ચ્યુઅલ ટ્રી નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. જેમાં સંસ્થાના એકેડમીક ડાયરેક્ટર ભાવિક શાહ , સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ના પ્રિન્સીપાલ શ્રી હિતેશ વંડરા તેમજ બંને સંસ્થાના સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા. વર્ચ્યુઅલ ટ્રી આધુનિક સમયમાં વિદ્યાર્થીઓ માટે ખૂબ ઉપયોગી છે. ડિપ્લોમા ઈજનેરી ના




મુખ્ય શાખાઓના તમામ વિષયો વિદ્યાર્થીઓ વિડીયો લેક્ચર દ્વારા આ ટ્રી થકી ઘરેથી ભણી શકશે. આ કોરોના મહામારીમાં વિદ્યાર્થીઓને કોલેજમાં જવું શક્ય નથી તેવા સમયમાં આ વર્ચ્યુઅલ ટ્રી વિદ્યાર્થીઓને આગામી આવનાર જી.ટી.યુ ની પરીક્ષા તેમજ ઉજ્જ્વળ ભવિષ્ય માટે વરદાન રૂપ બનશે.

# એસ.જી.,એસ.વી. અંગ્રેજી પ્રાથમિક શાળામાં ઓન લાઈન વિવિધ પ્રવૃત્તિ થઈ




ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિધ્યાલય સંચાલિત એસ.જી. , એસ વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં રવિવારના રોજ ઓન લાઈન વિવિધ પ્રવૃત્તિ થઈ. જેમ કે ધોરણ ૧ થી ૪ ના વિદ્યાર્થીઓ માટે તોરણ બનાવવાની અને ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ એ માટે રંગોળી બનાવવાની પ્રવૃતિ થઈ. વિદ્યાર્થીઓએ વિવિધ વસ્તુઓમાંથી તોરણ અને રંગોનો ઉપયોગ કરીને રંગોળી બનાવી હતી.આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓની આંતરિક શક્તિ ખીલી હતી આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ આનંદથી ભાગ લીધો હતો.

## રાષ્ટ્રીય પોષણ માહ - ૨૦૨૦ અંતર્ગત

# રાજયકક્ષાની વાનગી હરિફાઈના વિજેતાઓનું ઈનામ આપી સન્માન કરાયું

ગાંધીનગર, તા.૧૨

સમગ્ર રાજયમાં સપ્ટેમ્બર મહિનામાં રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૦ની ઉજવણી કરવામાં આવી હતી. આ પોષણ માહની





ઉજવણી દરમ્યાન રાજયના તમામ જિલ્લામાં વાનગી હરિફાઈ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વિજેતા બનેલા સ્પર્ધકોને આજરોજ મહિલા – બાળ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. તેમજ મંત્રીશ્રીના હસ્તે ટેક હોમ રેશનમાંથી બનતી વાનગીઓ માટે બનાવેલ ફિલ્મની સીડીનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર ગુજરાતમાં સપ્ટેમ્બર માસ દરમ્યાન રાષ્ટ્રીય પોષણ માહ- ૨૦૨૦ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી દરમ્યાન રાજયના તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકા વિસ્તારમાં વાનગી હરિફાઈનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક જિલ્લા અને મહાનગરપાલિકા વિસ્તારમાંથી ૧૦ વાનગીની પસંદગી કરીને રાજય કક્ષાની સ્પર્ધા માટે મોકલવામાં આવી હતી. સમગ્ર રાજયમાંથી કુલ- ૩૯૦ સ્પર્ધકોની વાનગીની રાજય કક્ષામાંની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી.

આ વાનગી હરિફાઈ માટે આઠ સભ્યોની નિર્ણાયક કમિટી બનાવવામાં આવી હતી. નિર્ણાયક કમિટી દ્વારા જુદા જુદા સ્પર્ધકોની વાનગી ચકાસી ૨૪ વાનગીઓને





પસંદ કરી હતી. જે પૈકી પ્રથમ કક્ષાએ – ત્રણ, દ્વિતીય કક્ષાએ – ત્રણ અને તૃતીય કક્ષાએ ત્રણ મળી કુલ - ૯ વાનગીને નિર્ણાયક કમિટી દ્વારા પસંદ કરવામાં આવી હતી.

રાજય કક્ષાની વાનગી હરિફાઈમાં પ્રથમ કક્ષાએ આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના આરતી રણજીતભાઈ પરમાર, મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકાના ભાવનાબેન સૂર્યકાંતભાઈ ભટ્ટ, નવસારી જિલ્લાના નવસારી તાલુકાના નલીનીબેન ધર્મેશભાઈ મિસ્ત્રીની વાનગીની પસંદગી કરવામાં આવી હતી. દ્વિતીય કક્ષાએ રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના રીંકલબેન, સુરત શહેરના ચેતના લલિત આસેદેકર અને ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના કરીના મનજીભાઈ પાલનપુરાની વાનગીની પસંદગી પામી હતી. તેમજ તૃતીય કક્ષાએ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના દિયાબેન જનતાભાઈ ગામીત, રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકાના અવંતીકાબેન રાઠોડ અને આણંદજિલ્લાના આણંદ તાલુકાના જીનલબેન દિપકભાઈ પટેલની વાનગીની પસંદગી કરવામાં આવી હતી.દ્

પ્રથમ કક્ષાએ વિજેતા ઉમેદવારને રૂપિયા ૧૦ હજારનો ચેક, દ્વિતીય કક્ષાએ વિજેતા ઉમેદવારને રૂપિયા ૪૧૦૦/- નો ચેક અને તૃતીય કક્ષાએ વિજેતા ઉમેદવારને રૂપિયા ૧૫૦૦/- ચેક તેમજ અમૂલનું ગીફટ હેમ્પર અને પ્રમાણ પત્ર મંત્રીશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા. રાજય કક્ષાની વાનગી હરિફાઈના ૩૮૧ સ્પર્ધકોને આશ્વાન ઈનામ તરીકે અમૂલનું ગીફટ હેમ્પર આપવામાં આવ્યા છે.

રાજય કક્ષાની વાનગી હરિફાઈના સ્પર્ધકોને ઈનામ વિતરણ સમારંભમાં મહિલા અને બાળ વિભાગના સચિવ અને કમિશનર શ્રી મનિષા ચંદ્રા, આઈ.સી.ડી.એસના નિયામક શ્રી અશોક શર્મા સહિત અધિકારીઓ સ્પર્ધકો ઉપસ્થિત રહ્યાં હતા.

# જિલ્લા વિકાસ અધિકારી હસ્તની વિવેકાધીન ગ્રાન્ટમાંથી રૂપિયા ૩૬.૨૫ લાખના ખર્ચે આઠ પ્રાથમિક શાળાના ૫૮ ઓરડાઓનું નવીનીકરણ કરાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને તેમના હસ્તકની વિવેકાધીન ગ્રાન્ટ પ્રાથમિક શાળાઓના ઓરડાઓ બનાવવા માટે ફાળવી આપી છે. જિલ્લાની આઠ પ્રાથમિક શાળાઓના ૫૭ ઓરડાઓની મરામત – નવીનીકરણ માટે રૂપિયા ૩૬.૨૫ લાખની ફાળવણી કરી છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાન દ્વારા પ્રાથમિક શિક્ષણને લગતા પાયાના કામોને પ્રાધાન્ય આપ્યું છે. જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં તમામ પાયાની સુવિધા ઉપલબ્ધ હોય અને બાળકોનું શૈક્ષણિક સ્તર ઉંચુ આવે તેવા કામોને અગ્રીમતા આપી છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તેમના હસ્તકની વિવેકાધીન ગ્રાન્ટ પ્રાથમિક શાળાઓના ઓરડાઓના મરામતની જરૂરિયાત હોય ત્યાં વાપરવા માટે જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓની કાયાકલ્પ થાય તેવા ઉમદા હેતુના આરંભમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા જિલ્લાની આઠ પ્રાથમિક શાળાઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં દહેગામ તાલુકાની ત્રણ, ગાંધીનગર તાલુકાની બે અને કલોલ તાલુકાની બે અને માણસા તાલુકાની એક ગામની પ્રાથમિક શાળાનો સમાવેશ થાય છે. આઠ ગામોની પ્રાથમિક શાળાના ૫૭ ઓરડાની મરામત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ૫૭ ઓરડાઓની મરામત માટે કુલ-૩૬.૨૫ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

# ઈન્ડિયન લાયન્સ જરૂરિયાતમંદ બાળકો અને વૃધ્ધાશ્રમના વડીલો સાથે દિવાળી ઉજવશે

ગાંધીનગર, તા.૧૨

શહેરની ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર કલબની સામાન્ય સભા તાજેતરમાં સંસ્થાના ચેરપર્સન હિતેશ પંડયાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં સંસ્થા દ્વારા દિવાળીના પર્વને અનુલક્ષીને કરવાના સેવા કાર્યો અંગે ચર્ચા હાથ ધરી તેની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી.

આ વર્ષે દિવાળીના પર્વમાં ઈન્ડિયન લાયન્સની સ્વર્ણિમ ગાંધીનગર કલબ શહેરના જરૂરિયાતમંદ વર્ગન બાળકો સાથ ેતેમજ વૃધ્ધાશ્રમના વડીલો સાથે ઉજવણી કરશે. આ સાથે તા. ૧૪મી નવેમ્બર બાલ દિવસે સંસ્થા દ્વારા સેકટર-૧૩ની ઝુંપડપટ્ટીમાં જયાં છેલ્લા બે વર્ષથી નિઃશુલ્ક શિક્ષણ આપવાનો કાર્યક્રમ ચલાવાય છે તે બાળકોને મિઠાઈ તથા ફુલઝડી વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસે દિવાળીનું પર્વ હોવાથી આ કાર્યક્રમ સવારે ૧૦.૩૦ કલાકે યોજાશે અને તે સાથે સે-૨૪માં પણ ૧૧.૩૦ કલાકે આ કાર્યક્રમ યોજાશે. આ દિવસે સાંજે વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલો સાથે સંસ્થાના સભ્યો દિવાળી ઉજવશે. જનરલ મિટીંગમાં સંસ્થાના તમામ હોદાદરો ઉપસ્થિત રહ્યા હતા.

## રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (આર.આર.સીમાંત યુ.)એ

# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની કચ્છની મુલાકાત દરમિયાન TREE શૈક્ષણિક મોડેલનું પ્રદર્શન કર્યું



RRU Participation in Border Area Development Program at Dhordo, Kutch

ગાંધીનગર, તા. ૧૨

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (આર.આર.યુ.) એ રાષ્ટ્રીય સુરક્ષા અને પોલિસીંગ ક્ષેત્રે ભારતની અગ્રણી જાહેર યુનિવર્સિટી છે. ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળના રાષ્ટ્રીય મહત્વની સંસ્થા આર.આર.યુ. દેશના અર્ધસૈનિક અને પોલીસ દળોની શૈક્ષણિક, સંશોધન અને તાલીમ આવશ્યકતાઓના ક્ષેત્રમાં સેવા આપે છે.

૧૨ નવેમ્બર, ૨૦૨૦ના રોજ ધોરડો (કચ્છ) માં ભારતના માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની 'સીમાંત ક્ષેત્ર વિકાસોત્સવ ૨૦૨૦' કાર્યક્રમ માટેની મુલાકાત દરમિયાન રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ તેમના દ્વારા લેવામાં આવતી વિવિધ પહેલ, કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું પ્રદર્શન કર્યું હતું.

દેશમાં શૈક્ષણિક શ્રેષ્ઠતા પહોંચાડવા યુનિવર્સિટી દ્વારા TREE શૈક્ષણિક મોડેલ હેઠળ-' training (તાલીમ), research (સંશોધન), education (શિક્ષણ) અને extension (વિસ્તરણ)' દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ભારતની સુરક્ષા અને પોલિસીંગ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે યોગદાન આપવા યુનિવર્સિટીની દસ શાળાઓ દ્વારા વિભિન્ન પ્રયાસો દેશભરમાં કરવામાં આવી રહ્યા છે.

યુનિવર્સિટીએ હાલમાં જ ઉત્કૃષ્ટ ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ-'રાઈસ (RISE- RRUs Integrated Space for e-education)'ને લોન્ચ કર્યું હતું. 'રાઈસહ્ર સુરક્ષા દળોમાં જોડાવાની ઈચ્છા ધરાવતા યુવા વર્ગ તથા દેશના વિવિધ ભાગોમાં ફરજ બજાવતા આપણા પ્રતિબદ્ધ સી.એ.પી. એફ. અને પોલીસ કર્મચારીઓને ઓનલાઈન શિક્ષણના માધ્યમથી ગુણવત્તાયુક્ત શૈક્ષણિક કાર્યક્રમો પ્રદાન કરાશે.

વડાપ્રધાન, નરેન્દ્ર મોદીજીના 'આત્મનિર્ભાર ભારત'ના સપનાને પરિપૂર્ણ કરવા માટે યુનિવર્સિટી સુરક્ષાના ક્ષેત્રમાં 'મેક ઈન ઈન્ડિયા' ઈનોવેશન માટે ઉદ્યમ યુવક શક્તિને એક સશક્ત મંચ પૂરું પાડી રહ્યું છે. આમાં, સ્વદેશી રીતે વિકસિત કરેલા ડ્રોન, દેશના નાગરિકોના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવા માટે ડિજિટલ આરોગ્ય સાધનો વગેરે જેવા પ્રોજેકટ વિકસિત થઈ રહ્યા છે.

## જન્મદિને વધામણી



ધર્મેશ ગજ્જર
શિક્ષક
મો. ૯૪૨૮૦ ૨૮૦૯૩



ગૌરાંગ એમ પટેલ
મો. ૯૮૨૪૦ ૦૪૩૪૪



અલ્પેશ બી પટેલ
મો. ૯૮૭૯૨ ૩૫૩૦૬




કાન્તિલાલ બી સોલંકી
પૂર્વ મંત્રી, ગુજરાત



કિરણ પી પટેલ
મો. ૯૯૯૮૨ ૮૬૦૪૧



વૃતાંત શાહ
મો. ૭૩૫૯૩ ૭૮૨૨૫



ફેલિક ઝેવિયર
મો.૯૨૬૫૩ ૬૩૫૧૧



ધ્રુવ બી પુરાણી
મો. ૭૩૮૩૧ ૨૦૦૫૫



પિન્કીબેન પ્રજાપતિ
મો. ૯૬૨૪૦ ૮૧૦૧૭



યુવરાજસિંહ પરમાર
આશાપુરા ગૃપ
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫